**આંક –૪૩**

| સેશન્સ કેસ નંબરઃ– 55/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૪ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | દિપકભાઈ ચમનભાઈ શ્રીમાળી(જોષી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9638166726 |
| ઉંમર આશરે | ૩૫ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | થરા તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું ત્રણ ધોરણ સુધી ભણેલો છું. આજથી સાડા ત્રણ વર્ષ પહેલા હું મારા ગામે કામથી ઉભો હતો તે સમયે પોલીસે મને પો.સ્ટે.માં બોલાવી ત્યાં મારી એક કોરા કાગળમાં સહીઓ લીધેલી અને આ સહી શી બાબતની તેની મને કોઈ સમજ કરેલ નહી. મારી હાજરીમાં કોઈ ભાઈ બતાવેલ હોય તેવુ બનેલ નથી. મને આ ભાઈએ મારી હાજરીમાં કોઈ મુદામાલ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. હું પંચનામા વિશે કંઈ જાણતો નથી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી.

મને માર્ક:૧૧/૧૫વાળું આરોપીની શરીર સ્થિતી તથા મુદામાલ રીવકરીનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંક:૪૪** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૫(માર્ક:ઈ) બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક મરૂન સફેદ તથા કાળા કલરનુ આંખી બાંયનું ટીશર્ટ જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી, જેમાંથી નીકળેલ એક કાગળની કાપલીમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું. જે રજુ દાખલ **આંક:૪૫** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૬(માર્ક:એફ)

સાહેદની સહી............................

બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક વાદળી કલરનુ જીન્સનું પેન્ટ જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી, જેમાંથી નીકળેલ એક કાગળની કાપલીમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું,જે રજુ દાખલ **<u>આંક:૪૬</u>** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૭(માર્ક:જી) બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક અંડરવેચર જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી, જેમાંથી નીકળેલ એક કાગળની કાપલીમાં પંચ નં .૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું,જે રજુ દાખલ **<u>આંક:૪૭</u>** આપવામાં આવે છે.

**<u>હોસ્ટાઈલ</u>**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૭/૭/૨૨ના સાંજે ચાર થી સાડા ચાર વાગ્યાના સમયમાં અમોને થરા પો.સ્ટે. પંચમાં રહેવા માટે બોલાવેલા ત્યાં એક આરોપી નામે મહેશભાઈ ગાંડાભાઈ પરમાર હાજર હતા તેમને કાળા કલરનું ટીશર્ટ તથા જીન્સ પેન્ટ પહેરેલ હતુ અને તેઓએ અમારી હાજરીમાં પ્લાસ્ટીકની થેલીમાંથી કપડા બહાર કાઢી કપડા રજુ કરેલ હતા જેમાં મરૂન સફેદ તથા કાળા કલરનુ આંખી બાંયનું ટીશર્ટ હતુ જેના ઉપર એલવીન કલીન લખેલુ હતુ અને અમો પંચોની હાજરીમાં સદર શર્ટને ગડીવાળી એક કાપડની થેલીમાં મુકી અમો પંચોની સહીવાળી કાપલી મુકી તે થેલીને દોરાથી બાંધી તેના ઉપર થરા.પો.સ્ટે.નું સીલ મારી માર્ક:ઈ આપી તપાસ અર્થે કબજે કરેલ.

તેમજ તેઓએ અમારી હાજરીમાં પ્લાસ્ટીકની થેલીમાંથી કપડા બહાર

સાહેદની સહી............................

કાઢી કપડા રજુ કરેલ હતા જેમાં વાદળી કલરનુ જીન્સનું પેન્ટ હતુ જેના ઉપર હીટ સ્ટાર જીન્સ લખેલુ હતુ અને અમો પંચોની હાજરીમાં સદર પેન્ટને ગડીવાળી એક કાપડની થેલીમાં મુકી અમો પંચોની સહીવાળી કાપલી મુકી તે થેલીને દોરાથી બાંધી તેના ઉપર થરા.પો.સ્ટે.નું સીલ મારી માર્ક:એફ આપી તપાસ અર્થે કબજે કરેલ.

તેમજ તેઓએ અમારી હાજરીમાં પ્લાસ્ટીકની થેલીમાંથી કપડા બહાર કાઢી કપડા રજુ કરેલ હતા જેમાં વાદળી કલરનુ અંડરવેયરનું પેન્ટ હતુ અને અમો પંચોની હાજરીમાં સદર અંડરવેયરને ગડીવાળી એક કાપડની થેલીમાં મુકી અમો પંચોની સહીવાળી કાપલી મુકી તે થેલીને દોરાથી બાંધી તેના ઉપર થરા.પો.સ્ટે.નું સીલ મારી માર્ક:જી આપી તપાસ અર્થે કબજે કરેલ.

તેમજ તેઓએ અમારી હાજરીમાં પેન્ટના ખિસ્સામાંથી એક ઓપો કંપનીનો મોબાઈલ રજુ કરતા જેનો ઈ.એમ.આઈ. નં.૯૮૭૪ તથા ૯૮૬૬ હતો જેનો મોબાઈલ નં.૭૦૪૬૮૯૨૯૦૦ હતો, જેને તપાસ અર્થે કબજે કરેલ.

**સરતપાર પુરી..**
**<u>આરોપી તરફે વી.વ.શ્રી આર.એન.ચૌધરી..</u>**
(૨) ઉલટતપાસ નથી.
**વિશેષ ઉલટતપાસ નથી.**
**ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા.૧૦/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................